ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૯-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

અમેરિકન ભારતીયોને આંજી નાખતા સ્વપ્નદ્રષ્ટા મોદી

સ્વામી વિવેકાનંદ પછી અમેરિકાની પ્રજાને સૌથી વધારે ઘેલું લગાડનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકન યુવાનોને યુવા શક્તિનો મર્મ સમજાવ્યા પછી છેલ્લે શાંતિમંત્ર સંભળાવ્યો હતો. બધા જ સુખી થાય, કોઇને દુઃખનો પડછાયો સુદ્ધાં સ્પર્શે નહીં. બધા તંદુરસ્ત રહે અને બધાનું કલ્યાણ થાઓ. વિશ્વને ભારતીય સંસ્કૃતિનો આ સંદેસ ભારતના વડાપ્રધાન મારફત પહોંચે એ પૂર્વે અનેક સંત-મહાત્માઓ પહોંચાડી ચૂક્યા છે. વિવેકાનંદે અજાણતાં જ એકસો એકવીસ વર્ષ અગાઉ અમેરિકાના શિકાગોમાં ધર્મસંસદ ગજવીને ભારતીય ફિલસૂફી માટે દરવાજા ખોલી દીધા હતા. આપણા સ્વામિનારાયણ સંપ્રદાય સહિતના અસંખ્ય સંત-મહાત્માઓ માટે અમેરિકા એમની કર્મભૂમિ બની રહ્યું છે. અમેરિકામાં બધું જ બિઝનેશમાં ફેરવાઇ જાય છે, તે ધર્મ હોય કે રાજકારણ. એ માપદંડથી આપતાં મોદી શ્રેષ્ઠ બિઝનેશમેન પુરવાર થયા છે એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ ન લેખાવી જોઇએ. મોદીએ એમના આગવા અંદાજમાં ભારતીય મૂળના અમેરિકાનોને હિંદીમાં ભાષણ કરીને આંજી નાખ્યા અને ન્યુયોર્કનો પ્રસિદ્ધ મેડિસન સ્કવૅર મોદીસન સ્કવૅરમાં ફેરવાઇ ગયો. ભાગ્યે જ કોઇ રાજકારણી પાછળ અમેરિકન પ્રજા આટલી હટે ઘેલી થઇ હશે. એમણે જે કંઇ વાતો કરી એ ચર્વિતચર્વણા જેવી હતી. ચા વેચવાથી લઇ ઉપવાસ સુધીનું એમણે કુશળતાપૂર્વક માર્કેટિંગ કરીને પોતે વિશ્વનું કલ્યાણ કરવા જ અવતરેલી વિભૂતિ હોય, એવો પ્રભાવ પાથરી દીધો. એનઆરઆઇ કમ્યુનિટીના તમામ પ્રશ્નોના આગોતરા ઉકેલ એમણે તૈયાર જ રાખ્યા હતા. એમણે છેક 'વિઝા ઑન અરાવઇલ' સુધીની સવલત પર મહોર મારી દીધી, પછી એનઆરઆઇ સમાજને બીજું જોઇએ પણ શું? આ તમામ લહાણી કરતાં કરતાં તેઓ હિંદુત્વનો સંદેશ આપવાનું પણ ન ભૂલ્યા. ગંગાને યાદ કરી. એની સફાઇમાં એનઆરઆઇ સમુદાયને જોતરવાની મુરાદ પણ વ્યક્ત કરી. દેખીતું છે કે વિદેશવાસી હિંદુઓને પોતાનાં ધર્મપ્રતીકો પ્રત્યે ભારે આસ્થા અને આકર્ષણ રહે. મોદીએ એ લાગણીઓનું પણ ભારોભાર એકસ્પ્લોઇટેશન કરવા કોશિશ કરી છે, જેમાં તેઓ સફળ થયા છે. ઓબામાને પણ અદેખાઇ આવે એવું સ્ટેન્ડિંગ ઓવેશન મેળવી મોદીએ અમેરિકામાં પણ પોતે મજબૂત પકડ ધરાવતા હોવાનું રાષ્ટ્રપતિની મુલાકાત પૂર્વે જ પ્રસ્થાપિત કરી દઇ એક કાંકરે અનેક પક્ષી મારી નાખ્યાં છે! મોદીએ હવે એનઆરઆઇ સમાજનાં સપનાનું આધુનિક ભારત બનાવી એમના અપાર સ્નેહનું વળતર વાળવાનું વચન આપ્યું છે એમણે પોતે નાના માણસ હોઇ નાની નાની બાબતો પર ધ્યાન આપતા હોવાનું જણાવી પોતાની પ્રતિભાનું પણ અજબગજબનું માર્કેટિંગ કરીને અમેરિકામાં ધૂમ મચાવી દીધી છે. ૨૦૧૫માં ગાંધીજીના ભારત આગમનની શતાબ્દી પ્રસંગે તેઓ એનઆરઆઇ સમુદાયને અમદાવાદ તેડાવી ભવ્યાતિભવ્ય સ્વાગત કરશે. એમણે મહાત્મા ગાંધીને પણ 'એનઆરઆઇ' બનાવી દઇ વિક્રમ સર્જ્યો જ ગણાય. જો કે એમણે ગાંધીજીના પૂરા નામનું ખોટું ઉચ્ચારણ કર્યું હતું - ગાંધીનું નામ મોહનદાસ હતું, તેઓએ 'મોહનલાલ' કહ્યા! ૨૦૨૨માં આઝાદીના અમૃતપર્વ સુધીમાં મોદી ભારતના એકેએક નાગરિકના માથે છાપરું હોય, એવું ઇચ્છે છે. અલબત્ત, એ તો મોદી ન ઇચ્છે તો પણ હોવાનું જ છે. સમય બડા બલવાન હૈ!

પરીક્ષામાં પેપર ખરાબ જતાં ધો. ૧૨ની વિદ્યાર્થિનીનો આપઘાત

રાત્રે ૧૨ વાગે સે. ૨૫માં ફોઈના ઘરે પંખે દુપટ્ટો બાંધીને ગળેફાસો ખાઈ લીધો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૫ ખાતે ફોઈના ઘરે રહેતી અને વસંતકુંવરબા શાળામાં ધો. ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષની વિદ્યાર્થિનીએ મોડી રાત્રે પંખે દુપટ્ટો બાંધીને ગળેફાંસો ખાઈ લીધો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તાજેતરમાં આપેલી પરીક્ષામાં ખરાબ પેપર ગયા હોવાથી આ પગલુ ભર્યુ છે જો કે સે. ૨૧ પોલીસે તે દિશામાં ઊંડી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરના સે. ૨૫ જીઆઈડીસી ખાતે ફોઈ-ફુવા પાસે રહેતી ૧૭ વર્ષની યાજ્ઞિક સંજયભાઈ સોલંકી વસંતકુવરબામાં ધો. ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતી હતી. તેણીના માતા-પિતા સરઢવ ગામમાં રહે છે. તાજેતરમાં તેણીએ આપેલી ધો. ૧૨ કોમર્સની પરીક્ષામાં પેપર ખરાબ ગયા હોવાથી તે હતાશ થઈ ગઈ હતી. દરમ્યાન ગઈ રાત્રીએ તેણીએ સે. ૨૫માં ફોઈના ઘરે પંખે દુપટ્ટો બાંધીને ગળેફાંસો ખાઈ લઈ જીવન ટુંકાવી લેતા ચકચાર મચી જવા પામી છે. આ ઘટનાની જાણ થતા સે. ૨૧ પોલીસ મથકના પીએસઆઈ કે.જે. દેસાઈ તથા જમાદાર વસંતભાઈ સ્થળ પર પહોંચી ગયા હતા અને અકસ્માત મોતનો ગુનો નોંધીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજના યજમાનપદે ગુજરાત યુનિવર્સિટી (દક્ષીણ વિભાગ) ફૂટબોલ ટૂર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૯

સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ, ગાંધીનગરના યજમાનદે

ગુજરાત યુનિવર્સિટી (દક્ષિણ વિભાગ) ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન ૨૮ સપ્ટેમ્બર-૧૪ ના રોજ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, સેક્ટર-૧૫ ખાતે કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધાના ઉદ્ઘાટન પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. ઋચાબેન બ્રહ્મભટ્ટે ઉપસ્થિત મહેમાનો, સમગ્ર ગુજરાતમાંથી આવેલા ખેલાડીઓ તથા ડી.પી.ઈ.નું સ્વાગત કરતા જણાવ્યું હતું કે સ્વામી વિવેકાનંદે પણ સ્વસ્થ ભારતના નિર્માણ માટે રમતગમત પર ભાર મુક્યો હતો. સ્વામી વિવેકાનંદના મતે બે કલાક ક્રિયાકાંડ કરવા કરતાં બે કલાક ફૂટબોલ રમીને શરીર સુદૃઢ રાખવાથી પરમાત્માની સમીપે પહોંચી શકાય છે.

મુખ્ય મહેમાન પદે ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાએ સ્પર્ધાનું ઉદ્ઘાટન કરતા પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણનાં અભ્યાસક્રમમાં વ્યાયામ તથા રમત ગમતનો ગંભીરતાપૂર્વક અમલ થાય તેવી તીવ્ર ઈચ્છા દર્શાવી અને જણાવ્યું કે પ્રત્યેક યુવાનનાં જીવનમાં સ્પોર્ટસમેન સ્પીરીટ કેળવાય તો જ તંદુરસ્ત સમાજની રચના થાય. આ સાથે તેમણે પોતાના અભ્યાસકાળ દરમ્યાન વિવિધ રમતોમાં ભાગ લેવાનાં પોતાના અનુભવો વાગોળ્યા હતા.

અતિથિ વિશેષ ગુજરાત યુનિવર્સિટીનાં સ્પોર્ટસ ડાયરેક્ટર ડૉ. ભાગવતસિંહજી વનારે મજબુત, સ્વસ્થ, કાર્યશીલ ગુજરાત બનાવવા માટે રમત ગમતને જીવનનો ભાગ બનાવાવનું સૂચન

(તસવીર : વિપુલ ચૌહાણ)

કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રમતગમતથી સંઘભાવના અને સદભાવના કેળવાય છે.

સમગ્ર સ્પર્ધાના અંતે કુલ સત્તર ટીમમાંથી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરાની ટીમ ચેમ્પિયન બની હતી અને નવજીવન આર્ટસ કોલેજ, દાહોદની ટીમ રનર્સ-અપનાં સ્થાને રહી હતી.

સમગ્ર સ્પર્ધાનું આયોજન સમર્પણ કોલેજના ડી.પી.ઈ.પ્રા. મહેન્દ્રભાઈ મોડીયાએ કર્યું હતું તથા પ્રા. સુરેન્દ્રસિંહ વાઘેલા, પ્રા. એ.જી. પટેલ અને રમત ગમત સામયિકનાં તંત્રી ભુવેન્દ્ર ક્ષોત્રિતયનો સહકાર મળ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. લલીતાબેન સોલંકીએ કર્યું હતું.

સે. ૧ સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

સમદર્શન ટ્રસ્ટ ગાંધીનગર અને સંજીવની હેલ્થ એન્ડ રિલીફ કમિટી અમદાવાદ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવશે. ૫ મી ઓક્ટોબરના રોજ સવારે ૮ થી ૧ દરમિયાન સેક્ટર-૧ માં આવેલ સમદર્શન ખાતે કેમ્પ યોજવામાં આવશે. કેમ્પમાં દંત ચિકિત્સા, ડાયાબીટીશ, આંખની તપાસ, બ્લડપ્રેશર સહિતની તપાસ કરવામાં આવશે.

બારમો ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફર એસોસિએશનનો બારમો ઈનામ વિતરણ સમારોહમાં ૪૫ વિદ્યાર્થીઓને વિવિધ કેટેગરીના ઈનામ આપવામાં આવ્યા હતા. તેમજ રાજ્ય લેવલે કરાટેમાં ગોલ્ડ મેડલ મેળવનાર નજીખાન અનવરઅલી સૈયદનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સમારોહમાં ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓના પદાધિકારીઓ, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં શ્રદ્ધા, ભક્તિ, આરાધના અને થનગનાટનાં પર્વ નવરાત્રી મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં મા આદ્યશક્તિની આરાધનાનાં પર્વ નવરાત્રી નિમિત્તે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એજ્યુકેશન વિભાગનાં ડીન શ્રીમતી વીણાબેન પટેલે શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે, સુપરવાઈઝરશ્રીઓ તથા શિક્ષક ભાઈ-બહેનોએ માતાજીની આરતી ઉતાર્યા બાદ શાળાનાં વિદ્યાર્થીઓ સાથે ખેલૈયા બની આંદનથી મનમુકીને ગરબે ઘુમ્યા હતા. વિદ્યાર્થીઓ તથા શાળાનાં શિક્ષકોએ ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ બની રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી.

જ્ઞાનકુંભ

- દર્શન માર્ગ

વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સનો ઉદ્ઘાટન સમારોહ ક્યાં સ્ટેડિયમમાં યોજાયો હતો?
➜ **સેલ્ટિક પાર્ક (ગ્લાસગો)**

૨. ૨૦૧૪માં આયોજીત કોમનવેલ્થ ગેમ્સ કેટલા દિવસ ચાલ્યો હતો?
➜ **૧૧ દિવસ**

૩. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સની પરેડમાં ભારતીય દળનું નેતૃત્વ કોણે કર્યું હતું?
➜ **શૂટર વિજયકુમાર**

૪. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સના પ્રારંભે યોજાયેલી પરેડમાં ભારતનું સ્થાન કેટલામું હતું?
➜ **પ્રથમ**

૫. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સને કોના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો?
➜ **ભારત**

૬. ૨૦૧૫માં ૭મી ઈબ્સા શિખર સંમેલનની યજમાની કયો દેશ કરશે?
➜ **બોલિવિયા**

૭. ૨૦૧૪માં કયો દેશ ૧૦ વર્ષની ઉંમરથી બાળ મજૂરી કાયદાને મંજૂરી આપનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો?
➜ **મિશ્ર**

૮. ૨૦૧૪માં કયા દેશે ગાઝા પટ્ટીમાં શાંતિ માટે મધ્યસ્થા કરી હતી?
➜ **ગોવા**

૯. ૨૦૧૪માં ૧૨૭માં દુરાન્દ કપ ફૂટબોલ પ્રતિયોગિતાનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું?
➜ **બી. અશોક**

૧૦. ૨૦૧૪માં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **રાહુલ દ્રવિડ**

૧૧. ૨૦૧૪ લૌરેસ વિશ્વ ખેલ અકાદમીમાં કયા પૂર્વ ભારતીય ખેલાડીની પસંદગી કરવામાં આવી છે?
➜ **શૂટીંગ**

૧૨. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડી મલાઈકા ગોયેલ એ કઈ રમતમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો?
➜ **વેઇટ લિફ્ટિંગ**

૧૩. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડી ગણેશ માલીએ એ કઈ રમતમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો?
➜ **સાઇના નહેવાલ**

૧૪. ૨૦૧૪માં કયા ખેલાડીને 'એમ્બેસેડર ઓફ ગુલવિલ પુરસ્કાર' આપી સન્માનિત કરવામાં આવ્યો હતો?
➜ **૪,૪૧૧ મીટર**

૧૫. ચીની સરકાર દ્વારા તિબ્બેટ ખાતે તૈયાર કરવામાં આવી રહેલ વિશ્વનાં સૌથી ઊંચા હવાઈ મથક દરિયાઈ સપાટીથી કેટલા મીટર ઊંચાઈ ધરાવે છે?
➜ **પાંચમી**

૧૬. ૨૦૧૩માં આયોજિત આસિયાન દેશના સંરક્ષણ મંત્રીઓની દ્વિતીય બેઠક કયાં યોજાઈ હતી?
➜ **બ્રુનેઇ**

૧૭. ૨૦૧૩માં પુલિત્ઝર પુરસ્કાર મેળવનાર ઉત્તર કોરિયાના લેખક 'એડમ જોનસન' ને તેની કઈ નવલકથાને લઈ આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો?
➜ **નવલકથા : ધ ઓર્ફન માસ્ટર્સ સન**

૧૮. ૨૦૧૩માં બાફટા એવોર્ડથી કયા મહાનુભાવને સન્માનિત કરવામાં આવ્યા હતા?
➜ **બ્રિટનના રાણી એલિઝાબેથ દ્વિતીય**

૧૯. ૨૦૧૩માં દક્ષિણ કોરિયામાં યોજાયેલ વર્લ્ડ શુટિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવનાર મહિલા શૂટર કોણ છે?
➜ **રાહી સરનોબત**

હવન અષ્ટમી અને ગાંધીનો જયંતીનો સુવર્ણ સુયોગ

વિચારસભા

નેહલ જયદીપ ગઢવી

માર્ગમાં કંટક પડ્યા
સૌને નડ્યા;
બાજુ મૂક્યા ઊંચકી,
તે દી' નક્કી જન્મ ગાંધીબાપુનો,
સત્યના અમો મોંઘા જાદુનો.
મૂર્ખને લીધા નભાવી
ધૂર્તને યોજવા જગતકલ્યાણના પથમાં પટાવી;
હૈયું દીધું તે દીધું,
પાછા વળી - ખમચાઇ ના કંઇ ગણતરીથી સાંકડું કીધું;
દૂભ્યાં દબાયાં કોઇનું એકાદ પણ જો આંસુ લૂછ્યું
દાખવ્યું ઘર મનુજ કેરા માંહ્યલાને વણ પૂછ્યું;
હૃદય જો નાચી ઊઠ્યું અન્યના સાત્વિક સુખે,
હરખભેર જો ઝંપલાવ્યું હૃદય ભીષણ જગતહિંસાના મુખે;
તિથિ ન જોશો ટીપસે -
ગાંધી જયંતી તે દિને
- ઉમાશંકર જોષી

તુલસીદાસના રામ કરૂણાનિધાન છે. શ્રી રામમાં બીજા અનેક ગુણો છે જ પરંતુ, તેમનાં કરૂણાભાવનું મહત્ત્વની શ્રી રામચરિત માનસમાં તુલસીદાસજીએ અનેક પ્રસંગોમાં વર્ણવ્યું છે. જેની આરાધનાનું પાવન પર્વ અત્યારે આપણે ભાવપૂર્વક ઉજવીએ છીએ તે જગતજનનીનો પણ હૃદયનો ભાવ તો કરૂણા જ છે. જનની છે એટલે વાત્સલ્યનો ભાવ અને પોતાના તમામ સંતાનો માટે કરૂણાનો ભાવ એ સ્વાભાવિક પણ છે. વિનોબાજી તો ગાંધીજી માટે કહે છે કે તેમને ગાંધીજીમાં બંગાળની ક્રાંતિ અને હિમાલયની શાંતિના દર્શન થયા છે. પરંતુ, વિનોબાજીને આ ઉપરાંત ગાંધીજીના જે બે સદગુણ આકર્ષિત કરતા હતા તે છે ગાંધીજીમાંથી સતત પ્રગટતા કરૂણાના ભાવો અને ગાંધીજીના વત્સલતાના ભાવો! શ્રી ઉમાશંકર જોષીની ઉપરોક્ત પંક્તિઓમાં પણ દુભ્યા-દબાયાના આંસુ લૂછવાની વાત જ કરૂણાના ભાવની સ્વાભાવિક તેમજ કાવ્યમય અભિવ્યક્તિ છે. આથી જ નવરાત્રીનું આ મહાપર્વ અને તેમાં મહાત્મા ગાંધીની જન્મજયંતિનો સુયોગ આ પર્વની શોભામાં અભિવૃદ્ધિ કરનાર બન્યો છે. નવરાત્રીનું પર્વ એ આપણા આનંદની તથા ઉલ્લાસની અભિવ્યક્તિ છે. પરંતુ જગતજનની જગદંબાની કૃપા મેળવવા માટે આનંદ અને ઉલ્લાસમાં ઉપાસનાનો ભાવ પણ સંમિલિત છે. આથી જ તો નવરાત્રી એ સામૂહિક ઉપાસનાનું પર્વ રહ્યું છે. કોઇ નાત-જાત, શિક્ષિત-અશિક્ષિત કે ગરીબ-તવંગરનો તેમાં ભેદ નથી. માના આશીર્વાદ દરેકને માટે એકસરખા વહે એછે, સમગ્ર જનતાના માટે કલ્યાણકારી છે.

"મારી, તારી દયા ડુંગરડામાં પાણી,
કાયરની દ'યું કંપે રે જી;
માડી, જેણએ શંકાની છતરી ઉઘાડી,
કાળજ સાવ કોરાં રીયાં રે જી...
માડી તારા ખમકારા ગગને ગાજ્યા,
પાણીમાં અજવાળાં પડ્યાં રે જી;
માડી, તારાં વચનુંના જે વિશવાસી,
બૂડે નઇ એની બેડલી રે જી..."

- દુલાભાયા 'કાગ'

કવિ 'કાગ' લખે છે તેમ હે મા તું તો સૌની જનેતા છે. તારી કૃપાના વરસાદથી નદી-નાળાં - ડુંગરગાળમાં ધોધમાર પાણી વહેતાં હતા, પરંતુ કાયર માનવીએ પાણીને પાળ બાંધી તેને પોતાના ખેતરમાં લઇ જઇ શક્યા નહિ. છેવટે દયા રૂપી વરસાદમાં કોરાં પડતાં હતા ત્યારે પણ અભાગી જીવે સંશયની છત્રી ઉઘાડી, જેથી એનું શરીર અને હૃદય કોરાં-સુક્કા જ રહી ગયા, અને હજુ તો માનવનો આર્તનાદરૂપી અવાજ થયો ત્યાં ઉપરથી સાદ સાંભળ્યાયો : બેટા, હું તારી પાસે જ છું અને આ ખમરાની સાથે જ અંધારા ઓસરી ગયાં અને પાણીમાં અંજવાળાં પથરાયાં.

ગાંધીનગર શહેર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું ધમધમતું નગર. ગાંધીનગરની 'કલા ગુર્જરી' નામની સંસ્થાએ બીજી ઓકટોબરને એક વિશેષ ઓળખ આપી છે. થોડા વર્ષો પહેલાં જયારે વહેલી પરોઢે, કુદરતના ખોળે બેસીને ગાંધી ગીતોનું ગાન કરવાનું નક્કી થયું ત્યારે સૌએ આ વાતને ઉમળકાભેર વધાવી લીધી. છતાં કેટલાંક લોકોના મનમાં સ્વાભાવિક રીતે જ એ પ્રશ્ન હતો કે આટલી વહેલી સવારે આ પ્રકારની પ્રાર્થનાસભાનું આયોજન કરીએ તો કેટલા લોકોને આવવાની અનુકૂળતા થઇ શકે? પરંતુ, મહેન્દ્રભાઇ ત્રિવેદી, નારાયણભાઇ પટેલ અને જયરાજસિંહ સરવૈયા તથા તેમના સાથીમિત્રોએ તો 'ડગલું ભર્યું તે ના હટવું' એ વલણ અનુસાર આયોજન કરવાનું શરૂ કર્યું. તેમને શ્રદ્ધા હતી ગાંધીમાં, તેમને શ્રદ્ધા હતી ગાંધીના શક્તિશાળી વિચારોના પ્રભાવમાં અને સૌથી વિશેષ તો તેમને શ્રદ્ધા હતી આપણા ગાંધીનગરાઓમાં. આવી સુંદર તક મળે અને પાછા પડે તેવા ગાંધીનગરના નગરજનો હોઇ શકે ખરા? તેમણે આ પડકાર ઝીલ્યો અને દર વર્ષે કાર્યક્રમ વધુને વધુ સારી રીતે થતો રહ્યો. પરિણામે આયોજકો વધુને વધુ આયોજન તેમ જ લોકોની ઉપસ્થિતિની બાબતમાં વધુને વધુ નચિંત બનતા ગયા. અને આવનારી બીજી ઓકટોબર, કલાગુર્જરીનો ગાંધીજયંતી નિમિત્તેનો આ આઠમો કાર્યક્રમ યોજાશે.

નોંધપાત્ર બાબત તો એ છે કે દરેક કાર્યક્રમ પોતપોતાની રીતે વિશિષ્ટ રહ્યો અને લોકપ્રિય પણ બન્યો. આસિતભાઇ, હેમાબેન અને આલાપ દેસાઇ, પ્રફુલ્લ દવે, કલ્યાણી કૌઠાળકર, દિમી દેસાઇ, દિવ્યાંગ અંજારીયા, શ્યામલ, સૌમિલ અને આરતી મુનશીથી માંડીને મુંબઇથી અયોધ્યાદાસ, અને રામશરન દાસ, ભાવના મહેતા તથા હેમંત ચૌહાણ અને ઉદય મઝુમદાર, રેખા ત્રિવેદી સુધીની સુરીલી સફર આ વર્ષે બંકિમ પાઠક અને વર્ષા કુલકર્ણી તેમજ રાજેન્દ્ર ઓઝાને ગાંધીનગર સમક્ષ સુંદર સુરીલા ગાંધીગીતો લઇને આવશે. લોકોના પ્રતિભાવો સકારાત્મક અને પ્રશંસનીય રહ્યા છે. હવે તો આમંત્રણ પત્રિકા વિના પણ બ્રાહ્મણમુર્હૂતમાં સવારે છ ના ટકોરે ટકોબાબંધ લોકો ગાંધી સ્મૃતિને વંદન કરવા અને સંગીતમય પ્રસ્તુતિનો લાભ લેવા અચુક હાજર રહે છે. સિનિયર સિટીઝન્સથી માંડીને યુવાવર્ગ અને બાળકો પણ કાર્યક્રમમાં હાજર રહે છે અને કાર્યક્રમને માણે પણ છે. કાર્યક્રમમાં રજૂ થતી દરેક રચનાઓ પ્રેક્ષકોની દાદ પણ મળે છે. તેમાંય ખાસ કરીને, 'વૈષ્ણવજન'નું સામૂહિક ગાન આપણને સૌને સાબરમતીની સાક્ષીએ ગાંધીજી કરતા એ પ્રાર્થના સભાની પુનીત યાદ તાજી કરાવી દે છે. કલાગુર્જરીને સલામ અને ગાંધીનગરને પણ સલામ.

આ વર્ષે બીજી ઓકટોબરે નવરાત્રી હોવાથી તથા યોગાનુયોગ હવન અષ્ટમી હોવાથી બીજી એક વિશિષ્ટ ઘટના પણ ગાંધીનગરમાં બનવા જઇ રહી છે. ગાંધીનગરની અતિપ્રતિષ્ઠિત અને પ્રચલિત સંસ્થા છે ગાંધીનગર કલ્ચરલ ફોરમ. તેમાંય ગાંધીનગર કલ્ચરલ ફોરમનાં ગરબાની સુવાસ તો દેશ-વિદેશ સુધી ફેલાયેલી છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાનો લાભ તો સમગ્ર ગાંધીનગર ઉપરાંત અમદાવાદના લોકો પણ લે જ છે. આનંદ અને ઉલ્લાસપૂર્વક જગદંબાની આરાધના ખેલૈયાઓ જોશપૂર્વક કરે છે. આનંદની અભિવ્યક્તિ તેમના ભાતીગળ વસ્ત્ર - પરિધાન દ્વારા થાય છે. ખેલૈયાઓ માટે ખાસ નવે-નવ દિવસ માટે સંગીતના મધુર સ્વર સાથે મીઠા-મધુરા કંઠથી ગરબાની રમઝટ જમાવી દેનાર અલગ-અલગ ઓર્કેસ્ટ્રાનું પણ આયોજન થાય છે. ખેલૈયાઓના રંગબેરંગી વસ્ત્રપરિધાન દ્વારા વાતાવરણ રમણીય તો લાગે જ પરંતુ, હાજર રહેલી તમામ વ્યક્તિઓની શિસ્તના કારણે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા એ ઉપાસના અને સદ્‌ભાવનાનું પ્રતિક સમાન બની રહે છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના નવરાત્રી આયોજનમાં હવન અષ્ટમીની રાત્રી એ સુવળ કળશ સમાન છે. ખરા અર્થમાં દીપોત્સવીનો અનુભવ હાજર રહેનાર સૌ કોઈને થાય છે. દરેક વ્યક્તિના હાથમાં આરતીનો દીવો અને તે પણ હજજારોની સંખ્યામાં લોકોના હાથમાં આરતીનો દીવો અને તેનાથી કરવામાં આવતી મહાઆરતી તે વિચાર જ કેવોરોમાંચક લાગે છે, તો તેનું દર્શન તો કેવું ભવ્ય લાગતું હશે! આ દૃશ્યને જોયા બાદ, માણ્યા બાદ આ અમનોલ અવસરની અસર લાંબા સમય સુધી આપણા મનમાં રહે છે. તેની ભવ્યતા અને પવિત્રતા જાણે આત્માને શુદ્ધ અને પ્રજ્વલ્લિત કરતી હોય તેનું હાજર રહેનાર સૌ કોઈ અનુભવે છે. હવે તો, ઈન્ટરનેટના માધ્યમથી દેશ-વિદેશમાં વસતાં ગુજરાતીઓ આ દિવ્ય - ભાતીગળ આરતીનું જીવંત પ્રસારણ જોઈ શકે છે. કૃષ્ણકાંતભાઈ ઝા અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની સમગ્ર ટીમ દ્વારા આ મહાઆરતીને વર્ષોવરસ સરસ રીતે કરવાનું આયોજન ખૂબ મહેનત અને ધગશપૂર્વક કરવામાં આવે છે. હાજર રહેલ સૌ કોઈના ચહેરા પર દિવ્ય - અલૌકિક શ્રદ્ધાના ભાવ સ્પષ્ટપણે દેખાય છે. સાક્ષાત્ જગદંબાને પણ ધરતી પર આવીને ગરબે ઘૂમવાનું મન થઈ જાય એવો માહોલ સર્જાઈ જાય છે. સૌ કોઈના મુખે આદ્યશક્તિનું આ ગાન હોય છે :

"જુગં હાથ જોરી કહે ચંદ છંદં,
હરો ભક્ત કે દુઃખ આનંદ કંદં;
હિયતે બિરાજી કરો આપ બાની,
નમસ્તે નમસ્તે નમસ્તે ભવાની.
કરી વિનતી યોં બંદીજન, સનમુખ રહ્યો સુજાન;
પ્રગટ અંબિકા મુખ કહ્યો, માગ ચંદ વરદાન."

આવા સુંદર વાતાવરણને માણ્યા બાદ રોજબરોજની એકધારી જિંદગીથી કંટાળેલા સૌ-કોઈ લોકો મનમાં સકારાત્મક ઉર્જાનો સંચાર થતો અનુભવે છે. આપણે સૌ આ સુંદર અને દિવ્ય માહોલને મનભરીને માણીએ તે માટે સુદૃઢ અને સુનિયોજિત આયોજન કરનાર ગાંધીનગર કલ્ચરલ ફોરમની ટીમને આપણા કોટિ કોટિ ધન્યવાદ.

આ વર્ષે બીજી ઓકટોબરનો દિવસ આપ સૌના માટે યાદગાર અને ચિરસ્મરણીય બની રહે તે માટે વધુમાં વધુ લોકો તેમાં સંમિલિત થાય તો જ આયોજકોનો હેતુ સિદ્ધ થઈ શકે. તો આવો, સાથે મળીને ગાંધીગાન તથા પ્રાર્થનાસભાથી આ દિવસની શરૂઆત કરીને મહાઆરતી સુધી તેને મનભરીને માણીએ!